P G V C L

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્સ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં:કેસી/સીજીઆરએફ-ભુજ/૨૦૧૯ № 107 તારીખ: 10 JUN 2019

રજી. એ.ડી. દ્વારા

પ્રતિ,
અબ્દુલકાદર અબુકર સમા,
ગામ- નાના દીનાર,
તા- ભુજ-કચ્છ,
મોબાઇલ નંબર:- ૯૮૯૮૨ ૯૨૧૫૬

વિષય:- કેસ નંબર પીજી૦૧/૦૦૫/૨૦૧૯-૨૦
<u>સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી૦૧/૦૦૫/૨૦૧૯-૨૦</u>

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

<u>બિડાણ-ઉપર મુજબ</u>

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, ભુજ
(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ
(૩) જુનીઈર ઈજનેર, પીજીવીસીએલ, સેક્શન ઓફીસ, ખાવડા

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮

**E-Mail- forumbhuj.pgvcl@gebmail.com**


નં કેસી/સીજીઆરએફ/૨૦૧૯/ 107 તારીખ: 10/06/2019

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-01-005-2019-20.

અરજદાર: શ્રી સમા અબુબકર અબ્દુલકાદર
મુ.પો.-નાના દિનારા , તા.ભુજ, જિ.-કચ્છ

રજૂઆત કરનાર: અરજદારશ્રી એકપણ સુનાવણી દરમ્યાન હાજર રહેલ નથી.

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ પી.જી.વી.સી.એલ. ભુજ

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ

રજૂઆત કરનાર: (૧) શ્રી જે.જ.ક્રિશ્ચિયન, નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ
(૨) શ્રી આરબ હમદુબીન એ., સીની.આસી., પીજીવીસીએલ, ખાવડા સેક્શન ઓફિસ
(૩) શ્રી એસ.એ.મેમણ, હિસાબી અધિક્ષક(આવક), પીજીવીસીએલ,વિભાગીય કચેરી, ભુજ

## :: કોરમ ::

૧) શ્રી જે.બી.પારેખ, ચેરમેન
૨) શ્રી એ.એસ.માંડલિયા, મેમ્બર ટેક
૩) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.
તારીખ: ૨૪/૦૫/૨૦૧૯

સદર કેઈસમાં સીજીઆરએફ હીયરીંગ માટે અરજદારને તા. ૧૨/૦૪/૨૦૧૯, તા. ૧૦/૦૫/૨૦૧૯ તથા તા. ૨૪/૦૫/૨૦૧૯ના રોજ ઉપસ્થિત રહેવાની જાણ કરવામાં આવેલ. અરજદારશ્રી એકપણ તારીખે ઉપસ્થિત રહેલ નથી. પીજીવીસીએલના અધિકારીઓ તા. ૧૨/૦૪/૨૦૧૯,તા. ૧૦/૦૫/૨૦૧૯ તથા તા. ૨૪/૦૫/૨૦૧૯ના રોજ ઉપસ્થિત રહેલ છે.



Scanned by CamScanner

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી સમા અબુબકર અબ્દુલકાદર – ગામ નાના દિનારા, ખાવડા મધ્યે ગ્રાહક નંબર ૮૬૦૬૦/૧૦૪૨૩/૯ થી પીજીવીસીએલ કચેરીનું વીજજોડાણ ધરાવે છે.

૧.૧ અરજદારશ્રીનું પીજીવીસીએલ કચેરીના અધિકારીઓ દ્વારા ચાર-પાંચ મહિના પહેલાં તેઓનું જૂનું મીટર તેમની ગેરહાજરીમાં આવીને બદલાવીને નવું મીટર લગાડી ગયેલ હતા.

૧.૨ અરજદારશ્રીનું જૂનું મીટર બદલાવીને નવું મીટર લગાવ્યા બાદ તેઓને જણાવવામાં આવેલ કે, હવેથી તેઓનું બીલ નવા મીટર પ્રમાણે આવશે તે તમારે ભરપાઈ કરવાનું રહેશે.

૧.3 અરજદારશ્રીનું જૂનું મીટર બદલાવીને નવું મીટર લગાડી ગયેલ અને હવે પછીનું જે બીલ આપવામાં આવેલ છે એ બીલ મોટું એટલે કે, રૂ.૩૫,૩૬૨/-નું આપવામાં આવેલ જે બીલ ઘણું મોટું આપવામાં આવેલ છે, જે બિલ્કુલ અયોગ્ય છે.

૧.૪ અરજદારશ્રી તેઓનું મીટર બદલાવીને જે બીલ આપવામાં આવે છે, તે બીલ માટે ગ્રાહક ફરિયાદ નિવારણ સમક્ષ ન્યાય કરવા રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી સમા અબુબકર અબ્દુલકાદર ખાવડા સેક્શન કચેરી હેઠળ, ગામ-નાના દિનારા મધ્યે રહેઠાણનું વીજજોડાણ ગ્રાહક નં. ૮૬૦૬૨/૧૦૪૨૩/૯થી ધરાવે છે.

૨.૧ અરજદારશ્રીનું ઉપરોક્ત ગ્રાહક નંબરનું વીજજોડાણ નોન બીલીંગમાં હોતાં તા. ૦૪/૦૫/૨૦૧૮ના રોજ જૂનું મીટર ઓન હેન્ડ ન હોવાથી નવા મીટર નંબર ૦૩૭૪૦૬૨૨ તથા ગ્રાહક નંબર ૮૬૦૬૨/૧૦૪૨૩/૯થી ક્રીએશન કરવામાં આવેલ.

૨.૨ અરજદારશ્રીના જૂનું મીટર તા. ૦૪/૦૫/૨૦૧૮ના રોજ જૂના મીટર નંબર ૨૧૫૫૭૫૯ બદલવામાં આવેલ જેના લાસ્ટ રીડીંગ ૫૧૬૧ જોવા મળેલ છે.

૨.3 અરજદારશ્રીનું જૂનું મીટર ભુજ લેબોરેટરીમાં તા.૨૬/૦૬/૨૦૧૮ના રોજ લેબ ટેસ્ટ પણ કરવામાં આવેલ છે. જે લેબ ઈન્સ્પેક્શન રીપોર્ટ મુજબ ૫૧૬૧ રીડીંગ આવેલ છે. જે તા. ૧૮/૧૨/૨૦૧૮ના ઓડીટ રીકવરીમાં પણ ૫૧૬૧ રીડીંગ જે ડેબીટ કરેલ છે. જેમાં વસૂલવાપાત્ર રકમ રૂ. ૩૫,૪૩૫.૩૮ ગ્રાહકના ખાતામાં ઉધારવામાં આવેલ છે.

૨.૪ અરજદારશ્રીનું ઉપર મુજબનું વીજજોડાણબીલ રૂ. ૩૫૪૩૫.૩૮ ન ભરવાને કારણે તા.૧૪/03/૨૦૧૯ના રોજ પી.ડી.સી. કરવામાં આવેલ છે.

૨.૫ અરજદારશ્રી સમા અબુબકર અબ્દુલકાદરને આપવામાં આવેલ બીલ તેમણે ભરપાઈ કરેલ નથી. સદર વીજબીલ ભરપાઈ કરવાપાત્ર છે.

## :: હુકમ ::

3.0 સદર ફરિયાદ અનુસંધાને કન્વીનર દ્વારા તા. ૧૨/૦૪/૨૦૧૯, તા. ૧૦/૦૫/૨૦૧૯ તથા તા. ૨૪/૦૫/૨૦૧૯ના રોજ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં ઉપસ્થિત રહેવાની અગાઉથી જાણ કરવામાં આવેલ. છતાં અરજદારશ્રી આ તારીખોમાં ઉપસ્થિત રહેલ નથી.



Scanned by CamScanner

૩.૧ પીજીવીસીએલના અધિકારીઓ તા. ૧૨/૦૪/૨૦૧૯,તા. ૧૦/૦૫/૨૦૧૯ તથા તા. ૨૪/૦૫/૨૦૧૯ના રોજ ઉપસ્થિત રહેલ તથા ઉપર દર્શાવ્યા મુજબની લેખિત અને મૌખિક રજૂઆત કરેલ છે.

૩.૨ પીજીવીસીએલના અધિકારીઓ દ્વારા અરજદારનું જુના વીજજોડાણનું મીટર બદલી કરી તેની જગ્યા પર નવું વીજમીટર લગાવેલ અને જૂના મીટરનો લેબમાં ટેસ્ટ કરાવેલ. જે લેબ ટેસ્ટ પ્રમાણે પેન્ડીંગ યુનિટનું બીલ આપવામાં આવેલ છે.

૩.3 પીજીવીસીએલના અધિકારીઓ દ્વારા અરજદારશ્રી ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં ઉપસ્થિત ન થતા રૂબરૂ સંપર્ક કરેલ અને તેઓને ખાવડા સેક્શન ઓફિસ દ્વારા યોગ્ય સમજ આપતાં અરજદારશ્રી તેઓ સાથે સહમત થયેલ છે.

૩.૪ અરજદારશ્રીને પીજીવીસીએલ ખાવડા સેક્શન ઓફિસ દ્વારા વિગતવાર ચર્ચા કરી સમજણ આપવામાં આવેલ અને અરજદારશ્રી બીલ ભરપાઈ કરવા સહમત થયેલ હતા. જે બીલ વધુ હોવાથી તેઓશ્રી હપ્તાથી ભરપાઈ કરી આપવાની લેખિતમાં સંમતિ આપેલ.

૩.૫ આમ, અરજદારશ્રી દ્વારા પીજીવીસીએલ ખાવડા સેક્શન ઓફિસમાં તા.૨૦/૦૫/૨૦૧૯ના રોજ સમાધાનપત્ર (પુરશીશ) આપવામાં આવેલ છે, તથા સીજીઆરએફમાંથી ફરિયાદ પરત લેવામાં આવેલ છે.

૩.૬ આમ, અરજદારશ્રીની ફરિયાદનું નિરાકરણ થયેલ હોઈ ફરિયાદ પરત લીધેલ હોઈ, કોઈ વિશેષ હુકમ નથી. આ સાથે અરજદારની અરજી ફેંસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન. એચ. જોષી) | (એ.એસ. માંડલિયા) | (જે.બી. પારેખ) |
| સ્વતંત્ર મેમ્બર | મેમ્બર ટેક | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, પ.ગુ.વી.કં.લિ., ભુજ



Scanned by CamScanner